**AAE-001-001628** Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2016**

## Gujarati : Paper - 22

*(Gujarati Vyakaran - Lekhan - Kaushal - 6)*

**Faculty Code : 001**

**Subject Code : 001628**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

(2) વિભાગ 1 માં કુલ 20 પ્રશ્નો - દરેકનો એક ગુણ છે.

(3) M.C.Q. પ્રકારના પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં જ આપવાના છે.

### વિભાગ – 1

**1** નીચે આપેલ બહુવિકલ્પ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ આપી જવાબ લખો : **20**

(1) સૉનેટ કાવ્યમાં કુલ કેટલી પંક્તિ હોય છે ?

(A) 11 (B) 12

(C) 13 (D) 14

(2) ગુજરાતી સાહિત્યમાં સૉનેટના કેટલા પ્રકાર છે ?

(A) 3 (B) 4

(C) 5 (D) 6

(3) 'ગુજરાતી કવિતાનો આસ્વાદ' કોનું પુસ્તક છે ?

(A) અનિલ જોશી (B) સુરેશ જોશી

(C) સુમન શાહ (D) શિરીષ પંચાલ

(4) ધ્રુવપંક્તિ, અંતરા વગેરે કવિતાના કયા રૂપમાં હોય છે ?

(A) દુહો (B) પદ

(C) સૉનેટ (D) ગીત

(5) મધ્યકાળમાં હસ્તપ્રત લખનારાંને શું કહેતા ?

(A) કવિ (B) ભક્ત

(C) લહિયા (D) લેખક

(6) સૉનેટ કાવ્યમાં ભાવની પરાકાષ્ઠા ક્યાં હોય છે ?

(A) અંતે (B) આરંભે

(C) મધ્યમાં (D) સમગ્ર કાવ્યમાં

(7) ગીત કાવ્યમાં કયું તત્ત્વ જરૂરી છે ?

(A) પાંડિત્ય (B) શબ્દ

(C) ગેયતા (D) છંદ

(8) ગુજરાતી વ્યાકરણમાં સંધિના કેટલા પ્રકાર છે ?

(A) ત્રણ (B) બે

(C) એક (D) પાંચ

(9) દુહા, ભજન, લગ્નગીત વગેરે કયા સાહિત્યમાં ગણાય ?

(A) અર્વાચીન સાહિત્ય (B) લોકસાહિત્ય

(C) પરદેશી સાહિત્ય (D) પ્રાચીન સાહિત્ય

(10) નીચેનામાંથી કયા વિધાન લોકસાહિત્યના સંશોધક હતા ?

(A) દલપતરામ (B) પ્રબોધ પંડિત

(C) ઝવેરચંદ મેઘાણી (D) પન્નાલાલ પટેલ

(11) પાસપાસેના બે સ્વર જોડાય તેને કઈ સંધિ કહેવાય છે ?

(A) સ્વર સંધિ (B) વ્યંજન સંધિ

(C) વિસર્ગ સંધિ (D) સર્ગ સંધિ

(12) 'સૂર્યાસ્ત' શબ્દની સંધિ છોડો :

(A) સૂરજ + ત્ (B) સૂર્ય + ત્

(C) સૂ + અસ્ત્ (D) સૂર્ય + અસ્ત્

(13) સૂર્ય + ઉદય સંધિથી કયો શબ્દ બને છે ?

(A) સુર્યોદય (B) સૂર્યોદય

(C) સુયોદય (D) સૂંયોદય

(14) દીન શબ્દનો સાચો અર્થ શો છે ?

(A) શેઠ (B) પવિત્ર

(C) ગરીબ (D) દિવસ

(15) રવિ + ઈન્દ્ર શબ્દથી કયો શબ્દ બને છે ?

(A) રવીન્દ્ર (B) રવિન્દ્ર

(C) રવિશ (D) રવીન્દર

(16) 'અધસ્ + કાય' શબ્દથી કયો શબ્દ બને છે ?

(A) અધોકાય (B) અધઃ કાય

(C) અધમકાય (D) અધિકાય

(17) 'નિસ્તેજ' શબ્દની સંધિ છોડો

(A) નિત + એજ (B) નિ + તેજ

(C) નિસ્ + તેજ (D) નિઃ + તેજ

(18) 'અલિ' શબ્દનો સાચો અર્થ આપો.

(A) શુક (B) મયુર

(C) કોકિલ (D) ભ્રમર

(19) ગઝલના એક શેરમાં કેટલી પંકિત હોય છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

(20) 'કરૂણપ્રશસ્તિ' કાવ્યમાં મુખ્ય કયો ભાવ હોય છે ?

(A) પ્રેમ (B) આનંદ

(C) કરૂણ (D) શાંત

## વિભાગ – 2

**2** નીચેનામાંથી કોઈ એક કાવ્યનો આસ્વાદ આપો : **10**

### કન્યાવિદાય

સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે.
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

પાદર બેસી ફફડી ઊઠતી ઘરચોળાની ભાત
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત.

પૈડું સીંચતા રસ્તો આખો કોલાહલમાં ખૂંપે
શૈશવની ચીતરેલી શેરી સૂનકારમાં ડૂબે.

જાન વળાવી પાછો વળતો દીવડો થરથર કંપે
ખડકી પાસે ઊભો રહીને અજવાળાને ઝંખે.

સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે
કેસરિયો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે...

– **અનિલ જોશી**

**અથવા**

## બોલીએ ના કંઈ

આપણું હૃદય ખોલીયે ના કંઈ, વેણને રે'વું ચૂપ
      નેણ ભરીને જોઈ લે, વીરા !
વ્હેણના પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ....
      વન - વેરાને મારગ વિજન,
સીમ જ્યાં સૂની ગૂંજતી કેવળ આપણું ગાયું ગાન;
      ગામને આરે કોય બહુજન
લાખનો મેળો મળિયો રે ત્યાં કોણ ને કોની તાન !
      માનમાં જાવું એકલ, વીરા !
તારલિયો અંધાર કે ઓઢી રણનો તારૂણ ધૂપ...
      આપણી વ્યથા
અવરને મન રસની કથા, ઈતરે ના કંઈ તથા,
      જીરવી એને જાણીએ, વીરા !
પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ...

**- રાજેન્દ્ર શાહ**

3 મધ્યકાલીન સાહિત્યના સંશોધક - સંપાદકમાં કયા ગુણો જરૂરી છે ? ચર્ચા કરો. **10**

**અથવા**

3 મધ્યકાલીન સાહિત્યના સંશોધન - સંપાદનની મુશ્કેલીઓ જણાવો. **10**

4 (અ) બેમાંથી એક વિશે નોંધ લખો : **8**

(1) વિસર્ગ સંધિ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(2) વ્યંજન સંધિ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(બ) બેમાંથી એક વિશે નોંધ લખો. **8**

(1) જોડણીભેદથી થતા અર્થભેદ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(2) સ્પષ્ટ સંધિ અંગે નોંધ લખી પાંચ ઉદાહરણ આપો.

**5** તમારી સંસ્થા દ્વારા યોજાયેલ એન.એસ.એસ.કેમ્પના અહેવાલનું સર્જનાત્મક લેખન કરો. **14**

**અથવા**

નીચેની વિગતોને ધ્યાને લઈ સર્જનાત્મ લેખન કરો :

એક જંગલ - જંગલમાં નદી, નદી ઉપર લાકડાનો સાંકડો પુલ - બે કૂતરાંનો સામસામે છેડેથી પ્રવેશ - પુલ ઉપર સામસામા થવું - ઘૂરકિયા કરવા - લડવું - બન્નેનું નદીમાં પડવું  અને દુઃખી થવું - થોડી વાર પછી - બે બકરી ઓનું પુલ ઉપર આવવું - એક જગ્યાએ ભેગા થવું. થોડીવાર સામસામે જોઈને એક બકરીનું બેસી જવું - બીજી બકરીનું ઠેકીને ચાલી જવું - બન્નેનું પોતાના બચ્ચા પાસે હેમખેમ પહોંચી જવું - સમજણ - વિવેક તથા સંપ એ જ જ્ઞાન છે.